How far is Kashi from Karachi? કરાંચીથી કાશી કેટલું દૂર છે?

When do you pray to God? તમે ઇશ્વરની ભકિત ક્યારે- [કરો છો?

We worship God daily-અમે દરરોજ પરમેશ્વરની ભકિત કરીએ છીએ.

Wise men never displease others-ડાહ્યા માણસો બીજાને [કદી નાખુશ કરતા નથી.

A good child obeys its parents-સારૂં છોકરૂં માબાપની આજ્ઞા માને છે.

He is always kind–તે હંમેશા માયાળુપણે વર્તે છે.

God is kind to all–ઇશ્વર સૌ પર હેત રાખે છે.

I know God is very merciful–હું જાણું છું કે ઇશ્વર બહુ દયાળુ છે.

We should always love Him–આપણે તે (ઇશ્વર) ના પર હંમેશા પ્રીતિ રાખવી જોઇએ.

You should love your king–તમારે તમારા મહારાજા પર પ્રેમ રાખવો જોઇએ.

He is called the Emperor of India–તેઓ હિંદુસ્તાનના શહેનશાહ કહેવાય છે.

How can we repay his kindness? આપણે તેના હેતનો બદલો શી રીતે વાળી શકીએ?

By loving him with a whole heart. આપણા ખરા જીગરથી તેના પર પ્રેમ રાખીને.

May God grant him long life and sound health–પ્રભુ તેને લાંબું આયુષ્ય ને પુરી આરોગ્યતા આપો !

Good morning, sir–મેહેરબાન સાહેબ! (સવારમાં).

Good noon, father–સલામ, પિતાજી ! (બપોરની).

Good afternoon, mother–પ્રણામ, માતાજી! (પાછલાપ્હોરની).

Good evening, sister–પ્રણામ, બ્હેના! (સાંજની).

Good night, brother–સલામ, ભાઇ! (રાતે, સુતી વખતે).

Good-bye, Sir- સલામ, સાહેબ! (લાંબા વખત સારૂ છુટા પડતી વખતે)

Govind, get up-ગોવિંદ, ઊઠ.

Vithoo, sit down-વિઠુ, બેસી જા.

Go away, Rama-રામ, ચાલ્યો જા.

Come back Hari-હરિ, પાછો આવ.

Read slowly, Chandu-ચંદુ, આસ્તે વાંચ.

Write carefully Ahmed-અહમદ, સંભાળથી લખ.

Boys, go home and play-છોકરાઓ ઘેર જાઓ ને રમો.

Do this soon-આ (કામ) જલદી કરો.

Send him back-તેને પાછો મોકલો.

Girls, sit quiet-છોકરીઓ, ચુપ બેસો.

Mani, where is your pair of scissors? મણિ, તમારી કાતર [ક્યાં છે?

It is in my room, madam-બાઇ સાહેબ, તે મારી ઓરડીમાં છે.

I wish to see him-મારે તેને મળવું છે.

Have you a duster here? અહીં પાટીઉં લુછવાનો કટકો છે કે?

Yes sir, It is behind the black-board-હા સાહેબ, કાળા પાટીઆની પાછળ છે.

Who knocks at the door? બારણું કોણ ઠોકે છે? (ઉઘડાવવાને).

It is I, sir-એ તો હું છું, સાહેબ.

Is your sister up? તમારાં બેહન ઊઠયાં છે કે?

Is your mother upstairs? તમારાં મા માળે છે કે?

Yes, wait here please, she comes down presently.
હા સાહેબ, મેહેરબાની કરી અહીં જરા થોભો, તે હમણાજ નીચે આવે છે.

Did you read the book? તમે તે ચોપડી વાંચી કે?

I finished it just yesterday–મેં ગઇ કાલેજ તે પુરી કરી.

Do you find it useful? તમને તે ઉપયોગી લાગે છે?

Oh yes, very–હા સાહેબ ઘણીજ.

Where did you buy it? તમે તે ક્યાંથી ખરીદી?

I bought it in Poona–મેં તે પુનામાં ખરીદી હતી.

Is it of any use to him? તે તેને કાંઇ કામની છે કે?

It is of no use to Jagjivan–તે જગજીવનને કાંઇ કામની નથી.

Are you very busy, papa? બાપા, તમે બહુ કામમાં છો?

No, my dear boy. ના, મારા વ્હાલા દીકરા.

I am only busy writing this letter–હું ફક્ત આટલો કાગળ લખવાના કામમાં છું.

Then I shall be at leisure. ત્યાર પછી મને ફુરસદ છે.

Gulab, will you copy this out for him? ગુલાબ, તમે આની નકલ તેને માટે ઉતારશો?

Yes, most willingly–હાજી, ઘણીજ ખુશીથી.

Mother, you look tired–માજી, તમે થાક્યાં લાગોછો.

No, my dear, I am only tired of sitting idle–ના, મારા દીકરા, કામ વગર બેસી રહીને હું માત્ર કંટાળી ગઇ છું.

Gopal, where are you–ગોપાળ, તું ક્યાં છે?

Here I am sir! આ અહીંજ છું સાહેબ!

Where is my umbrella-મારી છત્રી ક્યાં છે?
There it is, on the table, sir-પેલી રહી, ટેબલપર, સાહેબ.
Look up, is it indeed mine? જરા જો તો, એ ખરેખર મારીજ છે કે?

Come sister, what do you think of this? ચાલો કહો બ્હેન, આ બાબત વિષે તમારો શો મત છે?
The teacher says you are very clever-શિક્ષક કહે છે કે તમે ઘણા હુશીઆર છો.

Does he belive so? શું તેઓ એમ માને છે?
I wonder what makes him think so-એઓ એમ શાપરથી ધારે છે તે વિષે મને અચએો થાય છે-(તે હું સમજી શકતો નથી)

May I go home to-day, Sir? સાહેબ, આજે હુ ઘેર જાઉં?
Why, what is the matter? કેમ, શું છે!
I do not feel quite well sir-સાહેબ, મને કાંઇ ઠીક લાગતું નથી.

Yes, you may go; will you return in the afternoon? હા, જાઓ, તમે બપોર પછી આવશો કે? [સાહેબ.
Yes, if I am all right, sir-હાજી, હું સારો હોઇશ તો આવીશ
To-morrow is a holiday-આવતી કાલે રજા છે.
The bell will ring in half an hour-અર્ધા કલાકમાં ઘંટ વાગશે.
What time is it now? What o'clock is it now? હમણા કેટલા વાગ્યા છે?

It is past one-એક વાગી ગયો છે.

I shall go out for a walk at quarter past four-હું સવાચાર વાગે ફરવા જાઇશ. [આવીશ.

I shall return home by six-છ વાગ્યા પહેલાં હું ઘેર પાછો

It is almost four now-હમણા લગભગ ચાર વાગ્યા છે.

What day of the month is to-day? આજ કેટલામી તારીખ છે?

Twenty-seventh, Sir-સત્તાવીશમી સાહેબ.

And what day of the week? અને વાર કયો છે?

Thursday, Sir-સાહેબ, ગુરૂવાર.

This year you will have annual examination in April-ઓણુ (આ સાલે) તમારી વાર્ષિક પરીક્ષા એપ્રિલ મહિનામાં થશે.

And the terminal, Sir? અને છમાસિક સાહેબ?

In December-ડિસેંબર માસમાં.

Last year we had them in October and April respectively-ગયે વર્ષે તો બને અનુક્રમે ઓક્ટોબર અને એપ્રિલમાં થઈ હતી.

Next year, you will go up for the matriculation-આવતે વર્ષે તો તમે મેટ્રિકયુલેશની પરીક્ષામાં જશો.

Let me hope so, sir-એવી આશા તો છે સાહેબ.

God willing, you shall pass, too-ઇશ્વરની ઇચ્છાથી તમે પાસ પણ થશો.

Thank you, Sir, for your kind wish-આપની હેતભરેલી ઇચ્છા માટે આપનો આભારી છું, સાહેબ.

Now, will you take your seats, boys? છોકરાઓ, હવે તમે સૌ સૌની જગ્યાએ બેસી જશો?

Who took my pen-knife from here? અહીંથી મારો ચપ્પુ કોણે લીધો?

I took it with your permission to mend my pen–મારી કલમ ઘડવાને આપની રજાથી મેં લીધો છે.

Oh, I beg your pardon, I quite forgot it–અરે હા, માફ કરજો, હું તો તે ભુલી ગયો.

Will you look for the peon? જરા સિપાઇને શોધી લાવશો?

Yes, sir, with the greatest pleasure–હા સાહેબ, ઘણી-[ખુશીથી.

What book is that? એ કઇ ચોપડી છે?

Cobbett's Advice to Young Men, Sir–કૉબેટસ એડવાઇસ ટુ યંગ મેન, સાહેબ.

Read out the first paragraph–પ્હેલો પેરાગ્રાફ મોટેથી વાંચો.

How many pages did you read? તમે કેટલાં પાનાં વાંચ્યાં છે?

About thirty, Sir–આશરે ત્રીસેક, સાહેબ.

Is it therefore that you came late? શું તેથી તમે મોડા આવ્યા?

You do not mind the stops properly–તમે અટકવાની જગ્યાએ બરાબર અટકતા નથી (વાંચતાં).

You have a silk coat on, to-day–આજે તો તમે રેશમી કોટ પ્હેર્યો છે.

Motilal has a silk-bordered dhoti on–મોતીલાલે રેશમી કોરનું ધોતીઉં પ્હેર્યું છે.

You do not put on trousers-તમે પાટલુન પ્હેરતા નથી.

Yes, at intervals-વચમાં વચમાં કોઇવાર તે પણ પ્હેરૂં છું.

How long will he stay out? તે કેટલો વખત બહાર રહેશે?

He should return very shortly, Sir-તે થોડા વખતમાં આવવો જોઇએ, સાહેબ.

This pen-knife was very sharp when I bought it-આ ચપ્પુ મેં લીધો ત્યારે બહુ ધારવાળો હતો.

It is blunt now by indifferent use-કાળજી વગરના વપરાશથી હવે તે બુઠ્ઠો થઇ ગયો છે.

Do you take any physical exercicse? તમે કાંઇ અંગકસરત કરો છો કે?

Yes sir, I play cricket-હા સાહેબ, હું ક્રિકેટ રમું છું.

Can you get balls without seam here? અહીં સાંધા વગરના બોલ (દડા) મળી શકે છે કે?

Oh, plenty-હાજી, ઘણાએ.

I want to buy a purse and shoes-મારે પૈસા રાખવાનું એક પાકીટ ને બુટ લેવાં છે.

How badly are these spectacles rusted? આ ચસમાને કાટ કેટલો બધો ચડયો છે?

Yes, nobody cleans them-હા, એને કોઇ સાફ્જ કરતું નથી.

I am very hungry in winter mornings-શિયાળાની સવારમાં મને ભુખ બહુ લાગે છે.

When do you take your breakfast? તમે સવારનો નાસ્તો કયારે લો છો?

At nine o'clock, and then we have our dinner at two—નવ વાગે, અને પછી બે વાગે ભોજન કરીએ છીએ.

What is the usual supper time? રોજનો વાળૂનો વખત કયો છે?

Generally at eight in the evening—ઘણો ખરો રાતના આઠ વાગતાનો.

Do you ever go out on a pic-nic? તમે કોઇવાર મિજબાની કરવા બહાર જાઓ છો?

Yes, very often, when we have holidays—હા, ઘણીવાર, રજા હોય છે ત્યારે.

What is your usual food? તમારો રોજનો ખોરાક શું છે?

Milk, corn, and vegetables—દુધ, અનાજ, ને શાકભાજી.

High-class Hindus religiously abstain from animal food—ઉચ્ચ વર્ણના હિંદુઓ માસ ખાવામાં દોષ ગણીને તેથી દૂર રહે છે.

That's right, we should always refrain from killing life—એ તો ઘણું સારૂ, આપણે જીવહિંસા તો કદાપિ નહીંજ કરવી જોઇએ.

Can you take fried plantains and potatoes? તમે તળેલા કેળાં ને બટાટા ખાઇ શકો કે?

Yes, we fry them generally in butter and some times in sweet oil—હા, ઘણુ ખરૂં અમે તે ઘીમાં તળીએ અને કોઇવાર મીઠાં તેલમાં પણ તળીએ છીએ.

What is sweet oil made from? મીઠું તેલ શેમાંથી બનતું હશે?

Mostly from sesamum—મુખ્યત્વે કરીને તલમાંથી.

Not from Cocoa-nut? નાળીએરમાંથી નહીં કે?

I like preserves and pickles much—મને મુરબ્બાને અથાણાં બહુ ભાવે છે.

He eats only curry and rice—તે ફક્ત કઢી ભાત જમે છે.

We live on fruits—અમે ફળાહાર કરીએ છીએ (ફળ ઉપર રહીએ છીએ)

Do you get cucumbers in Surat? સુરતમાં કાકડી મળે છે કે?

Yes, we generally eat them with salt and pepper—હા, અમે મીઠાં ને મરી સાથે તે ઘણુંખરૂં ખાઇએ છીએ.

Children are very fond of sweets (or sweetmeats) છોકરાંઓને મીઠાઇ બહુ ભાવે છે.

My father keeps the bunch of keys—કુંચીનો જુમખો (જુડો) મારા બાપ રાખે છે

Does your father smoke tobacco? તમારા બાપા તંબાકુ પીએ છે?

No, he generally chews it, and my mother takes snuff—ના, તે ઘણું ખરૂં તંબાકુ ખાય છે, ને મારાં મા તપખીર સુંઘે છે.

My father bought a new bunglow at Chaupati. મારા બાપાએ ચોપાટીપર એક નવો બંગલો વેચાતો લીધો છે.

Your father built one at Matheran last month—તમારા બાપાએ ગયે મહિને માથેરાનમાં એક (બંગલો) બાંધ્યો.

Can you describe it? તમે તેનું વર્ણન કરી શકશો?

Yes, it is in the midst of an extensive garden-હા તે
એક મોટી વાડીની વચ્ચે છે.

It has a wide verandah, all round, with pillars-
તેની ચારે મેર ફરતો થાંભલાવાળો ઓટલો છે.

It is partly whitewashed, and partly oil-painted-
તે થોડાક ભાગમાં ચૂનાથી ધોળેલો છે, ને થોડાકમાં ઓઇલ
પેંટ કરેલો છે.

It has two storeys-તેને બે મજલા છે.

Both storeys have windows on all sides-બંને મજલાની
ચારે તરફ બારીઓ છે.

The timber is strong-ઇમારતી લાકડું મજબુત જાતનું છે.

The teak rafters and beams are very sound-સાગની
વળીઓ તથા ભારોટીઆ બહુ ટકાઉ છે.

The roof is thatched-છાપરૂ છાયું છે.

But some tiles are broken-પણ કેટલાંક નળીઆં ભાંગેલાં છે.

The ceiling is well decorated-સીલીંગ સારી શણગારેલી છે.

The hooks and hinges are quite new-આંકડીઓને
મિજાગરા તદ્દન નવા છે.

There is a ditch all round the house-ઘરની આસપાસ
એક ખાઇ છે.

The water from the drains falls into it-મોરીઓ વાટે
પાણી તેમાં પડે છે.

There is a deposit of rubbish on the bank of the
river-નદીને કિનારે કચરો ઠરેલો છે.

The ducks have swam across the river–બતકો નદી તરીને સામે પાર ગઈ.

There are deer grazing on the other side–સામી બાજુએ હરણો ચરે છે.

Your stick is worth a rupee and a quarter–તમારી લાકડીની કિંમત સવા રૂપીઆ છે.

Call when the sun has risen–સૂર્ય ઊગે ત્યારે આવજો.

I returned soon after the sun-set–સૂર્ય આથમ્યા પછી તુરત હું પાછો આવ્યો.

The earth goes round the sun–સૂર્યની આસપાસ પૃથ્વી [ફરે છે.

It turns round its own axis also–તે પોતાની ધરી પર પણ ફરે છે.

The moon revolves round the earth–ચંદ્ર પૃથ્વીની આસપાસ ફરે છે.

She shines by the reflected light of the sun–સૂર્યનું તેનાપર પડેલું અજવાળું પાછું મારીને તે પ્રકાશે છે.

Therefore, she has no light of her own–એ ઉપરથી (સમજવુ કે) એના પોતાનામાં પ્રકાશ આપવાની સ્વતંત્ર શક્તિ નથી.

A Mr. Kalyandas wants to see you, Sir–સાહેબ કોઇ કલ્યાણદાસ નામના ગૃહસ્થ આપને મળવા ઇચ્છે છે.

Magan likes this mango the best–મગનને આ કેરી સૌથી વધારે પસંદ છે.

Sinners should repent–પાપીઓએ પશ્ચાત્તાપ કરવો જોઇએ.

God punishes those that sin and do not repent–જેઓ પાપ કરે ને પસ્તાવો કરે નહીં તેને ઇશ્વર શિક્ષા કરે છે.

Iron is useful and gold is valuable–લોઢું ઉપયોગી છે, ને સોનું કિંમતી છે.

Give my respects to your father–તમારા પિતાજીને મારી સલામ કહેજો

How many boys are present? કેટલા છોકરા હાજર છે?

A few are absent–થોડાક ગેરહાજર છે.

We pray to God both morning and evening–હમે સવારસાંજ બને વખત ઇશ્વરની સ્તુતિ કરીએ છીએ.

I do not care which way you go–તમે ગમે તે રસ્તે જાઓ તેની મને પરવા નથી.

You should all be loyal and loving citizens–તમારે બધાએ વફાદારને હેતાળના નાગરિક થવું જોઇએ.

Boys should never be proud–છોકરાઓએ કદી મગરૂર થવું નહીં.

Because pride goes before destruction–કેમકે સઘળા વિનાશનું મૂળ અભિમાન છે.

Boys should not waste time–બાળકોએ વખત બિલકુલ ગુમાવવો નહીં.

Because time is money–કેમકે વખત એજ ખરો પૈસો છે.

How do you do? તમે કેમ છો?

All right, Sir, thank you–ઠીક છે સાહેબ, આપની મેહેરબાનીથી.

Come, will you take some tea with me? આવો થોડી ચ્હા મારી સાથે લેશો.

No Sir, thank you all the same, I am not used to it– ના સાહેબ, ક્ષમા કરો, મને તેની ટેવ નથી.

Does your teacher prescribe lessons for the next day? બીજા દિવસનું લેસન તમને આગલે દહાડે શિક્ષક લખાવે છે કે?

How long do you stay in Bombay? મુંબઇમાં તમે ક્યાં સુધી રહેવાના?

During your pleasure Sir–જ્યાંસુધી આપની મરજી હોય ત્યાંસુધી, સાહેબ.

Oh, this school is full–આ વર્ગ તો ભરપુર છે.

Where is you museum and library-room? તમારો સંગ્રહસ્થાનનો ને પુસ્તકશાળાનો ઓરડો ક્યાં છે?

This is the lecture hall–આ તો ભાષણનો મંડપ છે.

Is it open to all? શું બધાને ત્યાં જવાની છુટ છે?

No, only a select few have been invited–ના ફક્ત થોડાકનેજ આમંત્રણ મોકલ્યાં છે.

Will you find me a seat there, if you please? મેહેરબાની કરીને મારે માટે એક બેઠકની પરવાનગી મેળવશો?

Have you any interest there–ત્યાં તમારે કાંઇ વગ છે?

I shall try, I can not promise success–હું મહેનત કરીશ, હું ફાવીશજ એમ ખાસ કહી શકતો નથી.

Thank you for saying so much-આટલું કહેવાથીજ હું તમારો આભારી છું.

Apologize to those whom you did wrong-જેનું તમે ખોટું કર્યું તેની ક્ષમા માંગો.

I hope he will aceept your apology-મને આશા છે કે તે તમને ક્ષમા કરશે.

He is always true to his word-તે હંમેશા વચનનો સાચો છે.

Do you play any instrument? તમને કાંઇ વાજિંત્ર વગાડતાં આવડે છે.

Yes, I play all string instruments-હાજી, હું બધાં તારના કે તાંતના વાજિંત્ર વગાડી જાણું છું. [આવડે છે?

Do you play any games at chess? તમને શેત્રંજબાજી

No, I play at dice-નાજી, હું પાસા સોગઠાંની બાજી રમી જાણું છું.

This watch gained ten minates in a round-આ ઘડીઆળ બાર કલાકમાં દશ મિનિટ આગળ જતું.

Now it loses seven-હમણા તે સાત મિનિટ મોડું ચાલે છે.

The school clock has run down (stopped)-નિશાળનું ઘડીઆળ બંધ પડયું છે.

My watch has three hands-મારી ઘડીઆળમાં ત્રણ કાંટા છે.

The hour hand, the minute-hand, and the seconds hand-કલાકનો કાંટો, મિનિટનો કાંટો, ને સેકંડનો કાંટો.

Does your clock strike half hours? તમારી ઘડીઆળમાં અર્ધો કલાક વાગે છે કે?

They all move regularly on the dial–એ બધા (ઘડીઆ-
ળના) ચંદાપર નિયમિત રીતે ચાલે છે.

The minute hand goes twelve times as fast as the
hour-hand–મિનિટનો કાંટો કલાકના કાંટા કરતા બારગણી
ઝડપથી ચાલે છે.

Our watches do not agree–આપણાં ઘડીઆળના વખતમાં
ફેર છે.

Yes, yours is in advance–હા, તમારી આગળ છે.

The main spring of my gold watch is broken–મારા
સોનાના ઘડીઆળની કમાન ભાંગી ગઈ છે.

Yes, I broke it yesterday when winding it up–હા,
ગઇ કાલે ચાવી આપતાં મેં તે ભાંગી છે.

Where do I change going to Wadhwan by this
train? આ ગાડીમાં હું વઢવાણ જાઉં તો મારે ક્યાં ગાડી
બદલવી પડશે?

There is a silk screen and a coir mattress in the
drawing room–દીવાનખાનામાં એક રેશમી પડદો તથા
કાથાની ચટાઈ છે.

Why are you loitering about? તું આમતેમ શામાટે રખડે છે?

Sir, I was absent yesterday, and so the teacher
has put me out of the class–સાહેબ, હુ ગઇકાલે
(રજાવગર) ગેરહાજર હતો, જેથી મને શિક્ષકે વર્ગબ્હાર
રાખ્યો છે.

My mother has been ill for the last seven days–મારી મા સાત દિવસ થયા માંદી છે.

She has been ill since Monday last–ગયા સોમવારથી તેણી માંદી છે.

My father was a little unwell on last Saturday–ગયે શનિવારે મારા બાપાના શરીરને જરા ઠીક નહોતું.

What was the matter ? શું થયું હતું ?

He was attacked with fever–તેમને તાવ આવ્યો હતો.

Is he better now ? હવે તેને સારૂં થયુ કે ?

Yes sir, thank you, he is better now–હા સાહેબ, તમારો પાડ માનું છું હવે તેમને સારૂં છે.

The doctor has put my mother on a very strict diet–ડાક્ટર સાહેબે મારી માને સખત કરી પળાવી છે.

Prevention is better than cure–વ્યાધિને સારો કરવો તેના કરતાં વ્યાધિને અટકાવવો એ સારો માર્ગ છે.

Yes sir, I learnt it a little too late–હા સાહેબ, એ વાતની મને વખત વીત્યા પછી (મોડી) સમજ પડી.

Better late than never–કદાપિ થાય નહીં, તેના કરતાં (તે કામ) મોડું થાય તો પણ ઠીક છે.

It is never too late to mend–બગડેલી બાબત સુધારવાનો વખત કદાપિ વીતી જતો નથી (ગમે ત્યારે પણ તે સુધારવી).

Temperance in the best rule of life–દરેક વ્યવહારમાં નિયમિત રહેવું એ જીવનશાસ્ત્રનો ઉત્તમ માર્ગ છે.

Honesty is the best policy-પ્રામાણિકપણું એ સાથી ઉત્તમ નીતિ છે.

There is no religion higher than truth-સત્યથી ઊંચો કોઇ ધર્મ નથી.

Love your fellow-creatures and you have loved God-દુનિયામાં પ્રાણિમાત્ર પર ભાવ રાખ્યો તો તે ઇશ્વર પર ભાવ રાખ્યા બરાબર છે.

Our next sacred duty is to love our King-આપણા મહારાજા પર પ્રેમ રાખવો એ આપણી બીજી પવિત્ર ફરજ છે.

True love is the virtue of an honest heart-ખરો પ્રેમ તે શુદ્ધ અંત:કરણનો સદ્‌ગુણ છે

Deserve and desire-પ્રથમ લાયકાત મેળવવી, ને પછી કોઇ વાતની ઇચ્છા કરવી.

Since we do not get what we like, we must like what we get-સંસારમાં આપણે જેની જેની ઇચ્છા કરીએ તે બધું કાંઈ મળે નહીં, માટે આપણને જે કાંઇ મળે તેથી સંતોષ માનવો જોઇએ.

Prevent me, O Lord-હે પરમેશ્વર, મને સન્માર્ગે દોર.

Come unto me ye all that seek rest and peace-જેમને સુખ શાંતિની ઇચ્છા હોય, તેઓ સૌ મનમાં હમેશ મ્હારૂં ધ્યાન ધરો.

This is gospel-આ ઇશ્વરી વચનો છે.

A loyal citizen is worth his weight in gold–એક ખરો વફાદાર શેહેરી (નાગરિક) તે પોતાના વજન જેટલા સોનાની બરાબર કિંમતી છે.

We should all be true citizens–આપણે બધાએ નિમકહાલાલ નાગરિક થવું જોઇએ.

Avoid all evil–બધા કુમાર્ગથી દૂર રહો.

All that is good is God–જ્યાં જ્યાં ભલાઇ છે ત્યાં ઇશ્વર (હાજર) છે.

Sin is dark and horrible–પાપબુદ્ધિ કાળી અને ત્રાસજનક છે.

The fault of the father was visited upon the son–બાપના વાંકની શિક્ષા દીકરાને થઇ.

That is not fair and just–એ (નું નામ) કાંઇ વાજબી ન્યાય કહેવાય નહીં.

Feast for a day to fast for the year is hardly a wise policy–એક દિવસ એવો આનંદ કરવો કે વરસ બધું દુઃખી થઇએ એ ડાહાપણની નીતિ નથી.

Home-keeping youths have homely wits–ઘરમાં ભરાઈ રહેનાર પુરૂષોની અકકલ ટુંકીજ રહે છે.

A proper method makes the teaching of every subject easier–દરેક વિષય ખરી પદ્ધતિથી શિખવાય તો સહેલો થઇ જાય છે.

Teaching is more an art than a science–શિક્ષણ આપવું એ શાસ્ત્ર કરતાં કળાનો ખાસ વિષય છે.

The helpless deserve our pity and aid-અનાથ લોકો આપણી દયા તથા મદદને પાત્ર છે.

God's will be done-જેમ ઇશ્વરની ઇચ્છા હોય તેમ થાઓ.

Heaven helps those who help themselves-જેઓ ખતંથી મંડયાં રહે છે તેને ઇશ્વર સહાય થાય છે.

Blessed are these that have faith in the Lord-ઇશ્વર પર જેમને શ્રદ્ધા છે તેજ ખરા સુખી છે.

Thrice blessed are those who are ever with Him-જેમનું ચિત્ત હમેશા ઇશ્વરમાંજ હમેશ રમી રહ્યું છે તેઓ તો વળી પુરેપુરા સુખી છે.

Live and let live-બીજાને જીવાડવા ને પોતે પણ જીવવું.

Be not the least cruel to any life-કોઇપણ જીવતા પ્રાણી પર જરાપણ નિર્દય થશો મા.

This is the first commandment of God-આ ઇશ્વરની પ્રથમ આજ્ઞા છે.

Mercy is the root of all that deserves the name of religion-જેને ધર્મ એ નામ ઘટે છે તે સર્વનું મૂળ દયા છે.

Those who have no mercy should expect none-જેઓ બીજા પર દયા રાખતા નથી તેમણે પોતાનાપર પણ દયા થવાની આશા રાખવી નહીં.

Because such persons can not claim it-કેમકે આવાં માણુસોનો તે પર હક નથી.

Gopal is as good as Hari, but he is not so clever as Rama–ગોપાળ હરિ જેટલોજ ભલો છે, પણ રામ જેટલો હુશીઆર નથી

Few good men encourage flattery–ખુશામતને ભાગ્યેજ કોઇ સારો માણસ ઉત્તેજન આપે છે.

A few good men were atheists–થોડાક ભલા માણસો "ઇશ્વર નથી" એમ માનતા હતા.

On this the less said the better–આ વાત પર જેટલું ઓછું બોલાય તેમ વધારે સારૂં.

Never cherish envy and avarice–કોઇપણ કાળે ઇર્ષા કે લોભ મનમાં લાવવો નહીં.

Many rich fools are dupes of flattery–ઘણા પૈસાદાર મુર્ખાઓ ખુશામતથી ઠગાય છે.

They forget that these sycophants are their parasites–તેઓને ભાન નથી કે એ ખુશામતખોરો તો તેમના વડે જીવનારાં પ્રાણી છે.

They should be nowhere without them–એ મૂર્ખાઓ નહીં હોય તો આ તુચ્છ લોકો જીવી શકેજ નહીં.

Avoid intoxication–કેફી પદાર્થથી દૂર રહો.

The more a man takes opium the less sense he can show–જેમ જેમ એક માણસ વધારે અફીણ ખાય છે તેમ તેમ તેની અક્કલ કમી થતી દેખાય છે.

He is all fairness and justice where self-interest is not concerned—જ્યાં પોતાનો સ્વાર્થ નહીં હોય ત્યાં તે ન્યાયનું પુતળું બની જાય છે.

Is he the selfish son of that foolish millionaire? પેલા મૂર્ખ લક્ષાધિપતિનો સ્વાર્થી દીકરો તે એજ કે?

Does he still chew opium? એ હજી અફીણ ખાય છે?

No, he used to eat a deal of cocain. ના એ તો કોકેન ઘણું ખાતો હતો.

By this bad practice he has lost health, wealth and soundness of mind—આ બુરી ટેવથી એની તનદુરસ્તી, પૈસો ને માનસિક બળનો નાશ થયો છે.

Always send a note when you wish to be absent from school—જ્યારે જ્યારે નિશાળે નહીં આવવું હોય ત્યારે રજાની ચીઠી પ્હેલી લખવી.

Hansoo was late this morning—આજે સવારે હાંસુ મોડો [આવ્યો.

Every late comer is fined half an anna—દરેક મોડા આવનારને બે પૈસા દંડ થાય છે.

An absentee is fined an anna—વગર રજાએ ગેરહાજર રહેનારને એક આનો દંડ થાય છે.

Hereafter I should never come late, nor remain absent, Sir! સાહેબ, આજથી હું કદી પણ મોડો આવીશ નહીં, તેમજ રજાવગર ગેરહાજર રહીશ નહીં.

Go, and apologize to your class-master-જાઓ, અને તમારા વર્ગના શિક્ષકની માફી માંગો.

He will, I am sure, excuse you-મને ખાત્રી છે કે તે તમને માફ કરશે. [નથી.

This is not a pardonable fault-આ વાંક માફ કરાય એવો

A rule is a rule, and it must be obeyed-નિયમ તે કાંઇ મશ્કરી નથી, તે બરાબર પાળવોજ જોઇએ.

How do you pass your time after school-hours? નિશાળમાંથી છુટયા પછી તમારો વખત શેમાં ગાળો છો?

I generally spend it in playing games or in taking sufficiently long walks-ઘણું ખરૂં સારી રમતો રમવામાં કે ફરવા જવામાં એ વખત ગાળું છું.

Where do you go for walks? તમે ક્યાં ફરવા જાઓ છો?

Mostly to Chaupati, and sometimes to the Band-stand and Apollo Bunder-ઘણીવાર તો ચોપાટીપર જાઉં છું, ને કોઇકવાર બેન્ડસ્ટેન્ડ કે પાલવે પણ જાઉં છું.

What did you pay for this beautiful lamp in your room? તમારા ઓરડામાં આ સુંદર દીવો છે તેની તમને શું કિમ્મત બેઠી? [રૂપીઆ બેઠા.

It cost me twelve rupees and a half–તેના મને સાડાબાર

Will you ask your servant to light my room? તમે તમારા નોકર પાસે મારા ઓરડામાં દીવો કરાવશો?

Why, is there no light put in your room yet? કેમ, હજી તમારા ઓરડામાં દીવો થયો નથી?

The servant says he did put a light there, but somehow it was put out–નોકર કહે છે કે મેં દીવો તો કર્યો હતો, પણ કોણ જાણે શાથી તે ઓલાઇ ગયો છે.

None could have purposely done so; it must be a blast–કોઇએ જાણીજોઇને એમ કર્યું નહીં હોય, પવનથી બુઝાઇ ગયો હશે.

Shall I take my leave of you now, Sir? સાહેબ મને હવે રજા છે?

Yes, you may go, when can I expect you again? ભલે, જાઓ, પાછા ક્યારે પધારશો?

How long have you been here? તમને અહીં આવવાને કેટલો વખત થયો?

I have been here foı a week-મને એક અઠવાડીઊં અહીં આવે થઇ ગયું.

When will your examination begin? તમારી પરીક્ષા ક્યારે શરૂ થશે? [થશે.

It will begin on next Monday-આવતે સોમવારે પરીક્ષા શરૂ

How long will it last? કેટલો વખત ચાલશે?

The written portion of it will be for five days, and nothing could be said about the oral-લખવાની પરીક્ષા તો પાંચ દહાડા ચાલશે, પણ મોઢાની પરીક્ષાનું કાંઇ કહેવાય નહીં. [છે કે?

Are you sure you will pass? તમે પાસ થશો એમ ખાત્રી

I hope to pass, but there is no saying about the future-મને આશા તો છે, પણ ભવિષ્યની વાતનું કાંઇ કહેવાય નહીં.

Let us all hope you will come off succesful, and may God bless you-ઇશ્વર કરે ને તમે પાસ થાઓ, ને પ્રભુ તમારૂં કલ્યાણ કરો! Amen! તથાસ્તુ!



શિક્ષક પાસે રજા મંગાવવાના પત્રો.

Bombay,

Kalbadevi, 116 *

To

Mr.

Sir,

I hope you will kindly excuse my absence from the class to-day, as I am laid up with a strong fever.

I am,
Sir,
Your most obedient pupil,
Jairaj Vishram.

Sir,

A severe attack of cold and headache since yesterday afternoon makes me quite unable to attend the school to-day. I should, therefore

* આપણે જ્યાંથી લખતા હોઇએ તે ગામનું નામ તથા ઠેકાણું તારીખ વગેરે દરેક પત્રમાં પ્રથમના પત્ર પ્રમાણે લખવાં.

thank you very much for excusing my absence for about three days, at the end of which I hope to be all right again.

I am,

Sir,

Yours very obediently,

Hansraj Jivabhai.

Sir,

As we are all proceeding to Cutch to celebrate the weddings of my elder sister, I hope you will grant me leave of absence for a fortnight.

I remain,

Sir,

Your obedient pupil,

Sajanbhai Mithabhai.

(મિત્રને પત્ર.)

My dear Mangalji.

I looked for you yesterday at our usual place of meeting, but you were not there. Our friend Keshavji was there with the others, and he told me that to-day is your birthday, and that we were all to take tea with you this evening at 8 p. m. I shall certainly try to be there, but in the meantime I send this trifle as a present which I am sure you will accept as a token of my love for you. I also send herewith a birthday card, wishing you many happy returns of the day.

With best wishes,

I remain,

ever your affectionate friend,

Vasanji Kalyanji.